સફાઈ કામદારો અને તેના આશ્રિતોના
પુનઃ સ્થાપનાની રાજય સરકારશ્રીની યોજનાનાં
અમલ બાબત

**ગુજરાત સરકાર,**
**સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
(સ.ક.પ્રભાગ)
ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા.૩૩/ગ,
સચિવાલય, ગાંધિનગર.
તા. ૨૧/૩/૧૯૯૮.

**વંચાણે લીધા :–**

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો તા. ૧૧/૨/૯૭ નો પત્ર ક્રમાંક, અવિકો/પો./સ.કા./ન.યો./૯૭/૧૪૪૫.

૨. નિયામકશ્રી, સમાજ કલ્યાણ મંત્રાલયનો તા. ૧૪/૯/૯૭ નો પત્ર ક્રમાંક, સક/સે/૯૭/૪૯૪૧.

૩. ભારત સરકારના કલ્યાણ મંત્રાલયનો તા. ૧૪/૧/૯૮નો અર્ધ સરકારી પત્ર ક્રમાંક, એન.એસ.એફ.ડી.સી./૦૫/૯૭.

**ઠરાવ :–**

સમગ્ર દેશમાંથી માથે મેલુ ઉપાટવાની પ્રથા નાબૂદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ધાર અન્વયે ભારત સરકારે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટેની રાષ્ટ્રીય યોજના અમલમાં મુકેલ છે. આ યોજનામાં સ્વરોજગારી માટે બેન્કેબલ યોજના અંતર્ગત લોન, સહાય તથા માર્જીનમની લોન મંજુર કરવામા આવે છે. આ યોજના બેન્કેબલ હોવાથી અરજદારોને પર્યાપ્ત લોન–સહાય પુરતા પ્રમાણમાં સમયસર મંજુર થતી ન હતો અને જેથી લાભાર્થીઓને ઉદ્યોગ–ધંધા વ્યવસાય શરૂ કરવામાં પડતી મુશ્કેલી ધ્યાને લઈ રાજય સરકારે નવમી પંચવર્ષીય યોજના દરમ્યાન કુલ રૂા. ૧૫૦ કરોડનો નાણાંકીય જોગવાઈ અને તે પૈકી વર્ષ ૧૯૯૭–૯૮ ના અંદાજપત્રક રૂા. ૩૦,૦૦૦ કરોડની જોગવાઈ કરીને સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના આર્થિક ઉત્કર્ષ માટે રાજય સરકારના ભંડોળમાંથી નાણાંકીય સહાયઆપવાની યોજના વિચારણામાં હતી. દરમ્યાન ભારત સરકારે રચેલ નેશનલ સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન સફાઈ કામદારો અને તેમના આશ્રિતો માટે સ્વરોજગારની જે યોજના તૈયાર કરેલ છે તે યોજનાને કેન્દ્રમા રાખીને નીચે પ્રમાણેની યોજના અમલમાં મુકવામાં આવે છે.

**(૧) પાત્રતા :–**

માથે મેલ ઉપાડવાની પ્રથામાંથી મુકત થયેલ સફાઈ કામદારોને પ્રથમ પસંદગી અને ત્યારબાદ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ સફાઈ કામદારોને આ યોજનાનો લાભ મળી શકશે.

**(૨) આવક મર્યાદા :–**

આ યોજનામાં ગરીબી રેખાથી બમણી વાર્ષિક આવક રૂા. ૨૨,૦૦૦/– ગ્રામ્ય વિસ્તાર માટે અને રૂા. ૨૩,૭૦૦/– શહેરી વિસ્તાર માટે રહેશે.

(૩) આ યોજના હેઠળ યુનિટ/પ્રોજેકટ કોસ્ટ રૂા. ૫.૦૦ લાખ સુધી રહેશે.

(૪) રૂા. એક લાખ સુધી યુનિટ કોસ્ટક માટે લાભાર્થીએ કોઈ ફાળો આપવાનો રહેશે નહિ જયારે રૂા. એક લાખથી રૂા. પાંચ લાખ સુધીના યુનિટકોસ્ટ ના પ્રોજેકટમાં લાભાર્થીએ ઓછામાં ઓછો પાંચ ટકા ફાળો આપવાનો રહેશે.

(૫) એન.એસ.એફ.ડી.સી.ના ધિરાણ સામે વાર્ષિક ૪% વ્યાજ તથા ૨% વ્યાજ ચેનલાઈઝીંગ એજન્સી/ગુજરાત અનુસૂચિ જાતિ વિકાસ નિગમ એમ કુલ ૬% વ્યાજ લાભાર્થીને ચુકવવાનું થશે.

(૬) આપેલ ધિરાણની વસુલાત દશ વર્ષના અંદર કરવાની રહેશે. આ યોજનામાં જે તે પ્રોજેકટ માટે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાંથી યુનિટ કોસ્ટના ૮૫ % ધિરાણ મેળવવાનું રહેશ. જેની સામે રાજય સરકારે બેન્ક ગેરેન્ટી આપવાની રહેશે.

(૭) રાષ્ટ્રીય સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના યોજના અંતર્ગત જે તે પ્રોજેકટ માટે નિર્ધારિત યુનિટ કોસ્ટની મર્યાદામાં ધિરાણ મળે તેના સામે રાજય સરકારે કરેલ નાણાંકીય જોગવાઈમાંથી યુનિટ કોસ્ટને ધ્યાને લઈ નીચે પ્રમાણે સબસીડી આપવામાં આવશે.

| યુનિટ કોસ્ટ | સબસીડી | વધુમાં વધુ સહાયની રકમ. |
|---|---|---|
| ૧. રૂા. ૨૫,૦૦૦/– સુધી | ૫૦% | રૂા. ૧૦,૦૦૦/– રાજય સરકાર તરફથી |
| ૨. રૂા. ૫૦,૦૦૦/– સુધી | ૪૦% | રૂા. ૨૦,૦૦૦/– રાજય સરકાર તરફથી |
| ૩. રૂા. ૧,૦૦,૦૦૦/– સુધી | ૩૦% | રૂા. ૩૦,૦૦૦/– રાજય સરકાર તરફથી |
| ૪. રૂા. ૨,૦૦,૦૦૦/– સુધી | ૨૦% | રૂા. ૪૦,૦૦૦/– રાજય સરકાર તરફથી |
| ૫. રૂા. ૫,૦૦,૦૦૦/– સુધી | ૧૫% | રૂા. ૭૫,૦૦૦/– રાજય સરકાર તરફથી |

ઉપરાંત જે કિસ્સામાં યુનિત કોસ્ટના ૧૫% સુધી લાભાર્થીએ ભરવાના થતા હોય ત્યાં લાભાર્થીના ફાળનો રકમ માર્જીનમનો લોન તરીકે રાજય સરકારે કરેલ જોગવાઈમાંથી આપવામાં આવશે.

(૮) આ યોજનાંનો અમલ ગુજરાત રાજય અનુસૂચિજાતિ વિકાસ નિગમ મારફતે કરવામાં આવશે. આ યોજનાની નાણાંકીય જોગવાઈ/ગ્રાન્ટ આ નિગમના હવાલે મુકવામાં આવશે. આ યોજના માટે લાભાર્થીની પસંદગી નીચે જણાવ્યા પ્રમાણે કરવામાં આવશે.

જિલ્લા કક્ષાએ જિલ્લા સમિતિ રહેશે. જેમાં (૧) જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમ, (૨) સફાઈ કામદાર બોર્ડના એક ડારેકટ (૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ગ્રામ્ય વિસ્તાર માટે વિસ્તાર માટે

(૪) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી (શહેરી વિસ્તાર માટે) સભ્ય તરીકે રહેશે. સમિતિના કન્વીનર તરીકે જિલ્લા મેનેજર, ગુજરાત અનુસુચિજાતિ વિકાસ નિગમ રહેશે. આ જિલ્લા સમિતિ દ્વારા લાભાર્થીઓને શોધી તેઓની પસંદગીના વ્યવસાય માટે અરજીઓ એકત્રિત કરી ભલામણ સાથે ગુજરાત કામદાર વિકાસ બોર્ડને મોકલવાની રહેશે. સફાઈ કામદાર વિકાસ બોર્ડ અરજીની ચકાસણી કરી બોર્ડની મંજુરીથી ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમને મોકલશે. અને નિગમ દ્વારા આ અરજીઓ ચકાસી જે તે પ્રોજેક્ટ માટે રાષ્ટ્રીય સફાઈ કામદાર કર્મચારી ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન તરફથી જે તે પ્રોજેકટને મંજૂરી આપવા અંગેની ઈરાદા પત્ર મળ્યે, મંજુર થયેલ ધિરાણ જેટલી રકમની રાજય સરકારશ્રી દ્વારા બાહેધરી આપવાની રહેશે. આગળ જણાવ્યા પ્રમાણે જે તે કિસ્સામાં રાજય સરકાર દ્વારા મંજુર કરવામાં આવનાર સહાયની રકમ રાષ્ટ્રાય સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ધિરાણ સામે વસુલાતરૂપે સરભર કરવામાં આવશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર ૨૨૨૫, અનુસૂચિતજાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગો કલ્યાણ અનુંસૂચિત જાતિઓનું કલ્યાણ ૧૦૨ આર્થિક વિકાસ બીસીકે–૪૩ (૯૦) સફાઈ કામદારો અને તેના આશ્રિતોનાં પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય હેઠળ વર્ષો વર્ષ કરવામા આવનાર જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૧/૩/૯૮ ના નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ટી. એ. ગજ્જર)
સેકશન અધિકારી,
સમાજકલ્યાણ વિભાગ.

પ્રતિ,

માનનિય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
મેનજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાતઅનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી.
સર્વે જિલ્લા મેનેજરશ્રી, ગુજરાતઅનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
પે એન્ડ એકાઉન્ટ ઓફિસ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધિનગર.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાધીનગર.
વિભાગની ૫,બ,જ,ક, શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાધીનગર.
પસંદગી ફાઈલ.